Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી
વર્ષઃ ૨૨ઃ અંકઃ ૩ઃ વીર સં. ૨૪૯૧, પોષ

# સંતો કહે છે–

ભાઈ ! તને આ ભવદુઃખ વ્હાલાં ન હોય ને મોક્ષસુખને તું અનુભવવા ચાહતો હો, તો તારા ધ્યેયની દિશા પલટાવી નાંખ; જગતથી ઉદાસ થઈને આત્માનો રંગ લગાડીને અંતરમાં ચૈતન્યસ્વભાવને ધ્યાવ. એ ધ્યાનમાં તને પરમ આનંદમય મોક્ષસુખ અનુભવાશે.

( આ સંબંધી વિસ્તૃત પ્રવચન માટે અંદર જુઓ )

# અહો, સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન!

(૧) આ આત્મા છે તે સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન છે.

(૨) સમસ્ત શ્રુતસમુદ્રનું મંથન કરી કરીને સંતોએ આ સર્વોત્કૃષ્ટ રત્ન પ્રાપ્ત કર્યું છે.

(૩) આકાશ ક્ષેત્રસ્વભાવથી અનંત છે, છતાંય તે તો અચેતન–જડ છે. જ્યારે જ્ઞાન તો ભાવ સામર્થ્યથી અનંત છે, ને તે ચૈતન્યમૂર્તિ જાણનાર છે.

(૪) અનંત આકાશ, તે નથી તો પોતાને જાણતું કે નથી પરને જાણતું. અનંત જ્ઞાનસ્વભાવી આત્મા તે પોતાને જાણે છે ને પરનેય જાણે છે.

(૫) અનંત આકાશનેય પોતાના સામર્થ્યથી માપી લેનારું જ્ઞાન, તેની અનંતતા આકાશની અનંતતા કરતાંય વધારે છે. કેટલી વધારે ? કે અનંતગુણી.

(૬) તો એવા અનંતગુણા જ્ઞાનસામર્થ્યનો અનંતગુણો મહિમા લાવીને હે જીવ! તે જ્ઞાનમાં જ એકાગ્ર થા...જ્યાં તું જ્ઞાનમાં એકાગ્ર થયો ત્યાં લોકાલોક તો તારા જ્ઞાનમાં ઝૂકેલા છે. જેમ ઇન્દ્રોના મુગટ તીર્થંકરના ચરણમાં ઝૂકી પડે છે તેમ લોકાલોક કેવળજ્ઞાનમાં ઝૂકી પડે છે. તે કેવળજ્ઞાનની આજ્ઞા જગતમાં કોઈ લોપી શકે નહિ. તેના જ્ઞેયપણાથી કોઈ બહારમાં રહી શકે નહિ.

(૭) અહા, કેવું દિવ્ય જ્ઞાનસામર્થ્ય! ! કેવો અચિંત્ય એનો મહિમા!

(૮) અરે, તારા મતિ–શ્રુતજ્ઞાનની ય એવી તાકાત છે કે આવા કેવળજ્ઞાન–સામર્થ્યનો પોતામાં નિર્ણય કરી લ્યે–પણ ક્યારે ?–કે જ્યારે તે સ્વસન્મુખ થાય ત્યારે.

(૯) ચૈતન્ય ચિંતામણિના અચિંત્ય મહિમાનું ઊંડું ચિંતન કરતાં, વિકલ્પ અને જ્ઞાનની એકતા તૂટી જાય છે, ને જ્ઞાન જ્ઞાનમાં જ એકાગ્ર થાય છે. –એટલે આત્મા સમ્યક્ત્વાદિ ભાવોરૂપે ખીલી ઊઠે છે. આ રીતે આત્માર્થી જીવને આ સર્વોત્કૃષ્ટ ચૈતન્યચિન્તામણિ ઉત્તમ ઇચ્છિત ફળનો (મોક્ષનો) દાતાર છે.

(૧૦) કેવળજ્ઞાનનાં દિવ્ય કિરણોથી ઝલકતા સર્વોત્કૃષ્ટ ચૈતન્યહીરાની કિંમત જે આંકે છે તે જીવ ઉત્તમ સમ્યક્ત્વરત્નને પામીને પછી સર્વોત્તમ કેવળજ્ઞાનરત્નને પામશે.

: વર્ષ: ૨૨ –: અંક ત્રીજો: JANU 1965

# જગત પાસેથી કાંઈ લેવું નથી;
# જગતને કાંઈ દેવું નથી.

હે જીવ! તું વિચાર કર કે બહારની કઈ વસ્તુ વગર તારે નથી ચાલતું? તારા સ્વભાવમાં એવી કઈ અધુરાશ છે કે તારે બીજી વસ્તુની જરૂર પડે? શું શરીર ન હોય તો તારા જ્ઞાનનું પરિણમન અટકી જાય છે? શું પૈસા ન હોય તો તારો આત્મા જડ થઈ જાય છે? શું ઇન્દ્રિયો કે બાહ્ય વિષયો ન હોય તો તારો સુખસ્વભાવ નાશ પામી જાય છે? નહિ. આત્મા પોતે સદાય ચૈતન્ય પરિણમનથી ભરપૂર ને સુખસ્વભાવથી પરિપૂર્ણ છે. પોતાના જ્ઞાન કે સુખને માટે બીજા કોઈની જરૂર તેને પડતી નથી. જેમ સિદ્ધભગવંતો દેહ વગર, ઇન્દ્રિયો વગર, લક્ષ્મી વગેરે બાહ્ય વિષયો વગર સ્વયમેવ પૂર્ણ જ્ઞાની ને પૂર્ણ સુખી છે, તેમ તારો આત્મા પણ એવા જ જ્ઞાન ને સુખસ્વભાવથી ભરપૂર છે. માટે હે જીવ! સ્વસન્મુખ થઈને તારા આત્મામાં જ તું સંતુષ્ઠ થા, ને બીજાની સ્પૃહા છોડ. જગત પાસેથી મારે કાંઈ લેવું નથી, કેમકે મારે જે જોઈએ છે તે મારામાં ભર્યું જ છે; અને, જગતને મારે કાંઈ દેવું નથી, કેમ કે જગતની કોઈ વસ્તુ મારી પાસે (મારામાં) નથી કે હું તેને આપું.–આમ નિરપેક્ષ થઈને, જગતનો મોહ તજીને, નિજસ્વભાવથી પરિપૂર્ણ એવા તારા આત્માને તું દેખ. તને ઉત્તમ આનંદનો સ્વાનુભવ થશે.

# અર્હંતોએ સેવેલો સ્વાશ્રિત મોક્ષમાર્ગ

( સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર–પ્રવચનોમાંથી )

**અહા, આચાર્યદેવની કેટલી નિઃશંકતા! શુદ્ધજ્ઞાનસ્વભાવની સન્મુખતાથી પોતે મોક્ષમાર્ગના ઉપાસક થઈને, બધાય અર્હંતદેવોને સાક્ષીપણે ઉતારીને બેધડકપણે કહે છે કે અહો, બધાય અર્હંતદેવોએ આવા શુદ્ધજ્ઞાનમય દર્શન–જ્ઞાન–ચારિત્રની જ મોક્ષમાર્ગપણે ઉપાસના કરી છે–એમ જોવામાં આવે છે. બધાય અર્હંતદેવોએ ઉપાસેલો ને ઉપદેશેલો આ જ એક માર્ગ છે, બીજો કોઈ નહિ. સ્વદ્રવ્યનો આશ્રય કરીને મુમુક્ષુએ આ એક જ માર્ગ સેવવાયોગ્ય છે. આવા માર્ગપ્રકાશી સન્તોને નમસ્કાર હો.**

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કે જે શુદ્ધઆત્માના આશ્રયે છે તે જ એક મોક્ષમાર્ગ છે. દેહાશ્રિત એટલે કે પરાશ્રિત એવું જે દ્રવ્યલિંગ તેના આશ્રયે મોક્ષમાર્ગ નથી. ભાઈ, મોક્ષનો માર્ગ તો આત્માના આશ્રયે હોય, કે પરના આશ્રયે? અર્હંતભગવંતોએ બધાયે કેવો માર્ગ સેવ્યો? કે શુદ્ધજ્ઞાનમયપણાને સેવ્યું ને દેહાશ્રિત એવા દ્રવ્યલિંગના મમકારને છોડયો. શુદ્ધજ્ઞાનમય એવા જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેને જ મોક્ષમાર્ગપણે બધાય અર્હંતભગવંતોએ ઉપાસ્યા,–એમ અમારા જોવામાં આવે છે. કોઈ કહે–શું તમે બધાય તીર્થંકરોને જોઈ લીધા?–તો કહે છે કે હા; સ્વાનુભવથી આવો મોક્ષમાર્ગ અમે જાણ્યો છે ને આવો માર્ગ અમે ઉપાસી રહ્યા છીએ, તે ઉપાસનાની નિઃશંકતાના જોરે અમે જાણી લીધું છે કે જે કોઈ જીવો મોક્ષ પામ્યા તેઓ આવા માર્ગની ઉપાસનાથી જ મોક્ષ પામ્યા છે. અનંતા તીર્થંકરો–અર્હંતોએ આ જ માર્ગ સેવ્યો છે ને આ જ માર્ગ ઉપદેશ્યો છે. ત્રણકાળના બધા મોક્ષગામી જીવોને માટે મોક્ષનો આ એક જ માર્ગ છે. કયો માર્ગ? કે શુદ્ધજ્ઞાનમય, એટલે કે જરાપણ રાગમય નહિ, એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ માર્ગ છે; તે માર્ગ આત્માના જ આશ્રયે છે.

અહા, સ્વાશ્રિતમાર્ગની આવી વાત સમજે તો બધા પરાશ્રયભાવનું મમત્વ છૂટી જાય. મુનિને જે વિકલ્પ છે, તે પણ શુદ્ધ જ્ઞાનથી બહાર છે, તે વિકલ્પને આશ્રિત માર્ગ નથી, માર્ગ તો શુદ્ધ જ્ઞાનના આશ્રયે જ છે. અરે, મુનિના મહાવ્રતના વિકલ્પને આશ્રિત પણ જ્યાં મોક્ષમાર્ગ નથી ત્યાં જડ દેહની ક્રિયાને આશ્રિત મોક્ષમાર્ગ હોવાની માન્યતા તો ક્યાં રહી? જો દેહની ક્રિયાને આશ્રયે મોક્ષમાર્ગ હોત તો અર્હંતભગવંતો તે દેહનું

મમત્વ છોડીને શુદ્ધજ્ઞાનમાં કેમ ઠરત ? અર્હંત ભગવંતોએ તો દેહનું મમત્વ છોડીને શુદ્ધ જ્ઞાનમય એવા નિશ્ચયરત્નત્રયને જ મોક્ષમાર્ગ તરીકે સેવ્યા; –આમ અર્હંતોની સાક્ષી આપીને, પોતાના સ્વાનુભવસહિત આચાર્યદેવ કહે છે કે, અર્હંત ભગવંતોએ આમ કર્યું તે ઉપરથી નક્કી થાય છે કે આવો જ પરમાર્થ મોક્ષમાર્ગ છે; બીજો મોક્ષમાર્ગ નથી.

દર્શન–જ્ઞાન–ચારિત્રના શુદ્ધભાવરૂપે પરિણમેલો આત્મા તે જ પરમાર્થે મોક્ષમાર્ગ છે, તેને 'કારણસમયસાર' કહેવાય છે. રાગ એ તો આસ્રવતત્ત્વ છે, તેને પરમાર્થે આત્મા જ કહેતા નથી. શુદ્ધપરિણામમાં અભેદ પરિણમ્યો તેને જ પરમાર્થ આત્મા કહ્યો છે. મુનિ તો ખરેખર તે જ છે કે જેઓ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગપણે સેવી રહ્યા છે. મુનિને કે ગૃહસ્થને કોઈનેય રાગ તે મોક્ષમાર્ગ નથી. શુદ્ધજ્ઞાનના આશ્રયે જેટલા રત્નત્રય છે તેટલો જ મોક્ષમાર્ગ છે.

મોક્ષ શું છે ? મોક્ષ એ સર્વ કર્મના અભાવરૂપ શુદ્ધ આત્મપરિણામ છે.

મોક્ષનું કારણ શું ? કે જેવું કાર્ય શુદ્ધ છે તેવું જ તેનું કારણ પણ શુદ્ધ જ છે. કારણ અને કાર્યની જાત એક જ હોય. ઓછા–પૂરાનો ભેદ હોય પણ બંનેની જાત તો એક જ હોય. કાર્ય શુદ્ધ અને તેનું કારણ અશુદ્ધ–એમ ન બને. કાર્ય વીતરાગ અને તેનું કારણ રાગ–એમ ન હોય. જેમ મોક્ષ તે પૂર્ણ શુદ્ધતારૂપ અને રાગના અભાવરૂપ છે તેમ તે મોક્ષના સાધનરૂપ રત્નત્રય તે પણ શુદ્ધ અને રાગના અભાવરૂપ જ છે. ભલે સાધકદશામાં કેવળજ્ઞાન જેવી પૂર્ણ શુદ્ધિ ન હોય, તો પણ ત્યાં જેટલી શુદ્ધતા છે તેટલો જ મોક્ષમાર્ગ છે, ને જેટલો રાગ છે તે મોક્ષમાર્ગ નથી. ધર્માત્મા તે રાગને મોક્ષમાર્ગપણે નથી સેવતા, પણ રત્નત્રયની શુદ્ધિને જ મોક્ષમાર્ગપણે સેવે છે.

હે ભાઈ, તીર્થંકરોએ તો આવો શુદ્ધ આત્માશ્રિત રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ સેવ્યો છે, તો તું વળી દોઢ ડાહ્યો થઈને એનાથી બીજો મોક્ષમાર્ગ ક્યાંથી લાવ્યો ? શરીરની ક્રિયાને આશ્રિત કે રાગને આશ્રિત મોક્ષમાર્ગ થાય–એ તો તારી દુર્બુદ્ધિ છે. અરે, દેહની ક્રિયાથી ધર્મ થાય–એ વાત અર્હંતના શાસનમાં કેવી ? અર્હંતના શાસનમાં તો દેહને પરદ્રવ્ય કહેલ છે, તે પરદ્રવ્યને આશ્રિત આત્માનો મોક્ષમાર્ગ જરાપણ નથી. માટે હે ભવ્ય ! એવા પરદ્રવ્યનું મમત્વ છોડ ને શુદ્ધ આત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં તારી બુદ્ધિ જોડ.

શુદ્ધ જ્ઞાનમય આત્મા છે, તે અમૂર્તિક છે; આવા શુદ્ધ જ્ઞાનમય આત્મામાં દેહ કે રાગાદિ નથી, એટલે તે દેહાશ્રિત કે રાગાશ્રિત મોક્ષમાર્ગ નથી. દેહથી ને રાગથી પાર એવા શુદ્ધ જ્ઞાનમય આત્માનું સેવન તે જ મોક્ષમાર્ગ છે. પરંતુ દ્રવ્યલિંગ ( એટલે કે

નગ્નશરીર કે મહાવ્રતાદિના શુભ વિકલ્પો )–કે જે શુદ્ધજ્ઞાનથી ખરેખર ભિન્ન છે તે મોક્ષમાર્ગ નથી. શુદ્ધજ્ઞાનસ્વભાવની સન્મુખતાથી પોતે આવા મોક્ષમાર્ગના ઉપાસક થઈને આચાર્યદેવ બધાય અર્હંતદેવોને સાક્ષીપણે ઉતારીને નિઃશંકતાથી કહે છે કે અહો! બધાય ભગવાન અર્હંતદેવોએ આવા શુદ્ધ જ્ઞાનમય દર્શન–જ્ઞાન–ચારિત્રની જ મોક્ષમાર્ગપણે ઉપાસના કરી છે–એમ જોવામાં આવે છે.–

**‘શ્રમણો, જિનો તીર્થંકરો, એ રીતે સેવી માર્ગને,**

**સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને.’** ( પ્રવચનસાર )

–વાહ, જુઓ આ તીર્થંકરોનો માર્ગ! અમે તો દેહાદિ દ્રવ્યલિંગનું મમત્વ છોડીને, શુદ્ધ જ્ઞાનના સેવન વડે દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસનાથી આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છીએ, ને બધાય તીર્થંકરોએ બધાય સંતોએ આ જ રીતે મોક્ષમાર્ગની ઉપાસના કરી હતી–એમ નિઃશંકપણે અમારા નિર્ણયમાં આવે છે.

જો દેહમય લિંગ કે તે તરફના શુભ વિકલ્પો તે મોક્ષનું કારણ હોત તો અર્હંત ભગવંતો તેનું મમત્વ છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના શા માટે કરત? દ્રવ્યલિંગથી જ મોક્ષ પામી જાત! –પરંતુ અર્હંત ભગવંતોએ તો દેહાદિથી ને રાગાદિથી વિમુખ થઈને શુદ્ધજ્ઞાનમય ચિદાનંદ તત્ત્વની સન્મુખતા વડે દર્શન–જ્ઞાન–ચારિત્રની જ ઉપાસના કરી; માટે એ નક્કી થયું કે દેહમય લિંગ તે મોક્ષમાર્ગ નથી, રાગ પણ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના તે જ મોક્ષમાર્ગ છે. દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના કઈ રીતે થાય? –કે શુદ્ધ જ્ઞાનમય આત્માના સેવનથી જ ( એટલે કે સ્વદ્રવ્યના સેવનથી જ ) તે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની ઉપાસના થાય છે. –ને એ જ શાસ્ત્રની અનુમતિ છે.

અહા, આચાર્યદેવની કેટલી નિઃશંકતા! અંદર પોતે તો નિર્વિકલ્પ આનંદમાં ઝુલતા ઝુલતા આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છે, ને જગતને બેધડકપણે કહે છે કેઃ બધાય અર્હંત ભગવંતોએ ઉપાસેલો આ જ એક માર્ગ છે, બીજો કોઈ નહિ. બધાય ભગવાન અર્હન્તદેવોને શુદ્ધ જ્ઞાનમયપણું છે, ને તેઓએ દ્રવ્યલિંગના આશ્રયભૂત શરીરનું મમત્વ છોડી દીધું છે, એટલે દ્રવ્યલિંગના ત્યાગવડે દર્શન–જ્ઞાન–ચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે; બધાય તીર્થંકરોએ મોક્ષમાર્ગ આ એક જ રીતે ઉપાસ્યો છે, –એમ અમારા ‘જોવામાં આવે છે.’

કોઈ કહે કે–‘જોવામાં આવે છે–એમ કહ્યું તો શું આચાર્યદેવે અર્હંતદેવોને નજરે જોયા છે? અત્યારે, કે કુંદકુંદસ્વામી હતા ત્યારે પણ, અહીં અર્હંતદેવ તો હતા નહિ, તો કઈ રીતે જોયા? ’

તેને અહીં કહે છે કે અરે ભાઈ! આત્મામાં જ્યાં મોક્ષમાર્ગનો નિર્ણય થયો, સાક્ષાત્ અનુભવ થયો, ત્યાં નિસંદેહ ખાતરી થઈ ગઈ કે બસ, આવો જ મોક્ષમાર્ગ ત્રણે કાળે હોય. અને વળી કુંદકુંદાચાર્યને તો વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકર ભગવાનનો ભેટો પણ થયો હતો, આઠ–આઠ દિવસ સુધી ભગવાન સીમંધર પરમાત્માની સભામાં દિવ્ય ધ્વનિનું સાક્ષાત્ શ્રવણ કર્યું હતું, જ્યાં અનેક કેવળજ્ઞાની ભગવંતો બિરાજે છે, જ્યાં ગણધરદેવો અને મુનિવરોના ટોળા આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છે; તેમને નજરે નીહાળીને, અને તેવો મોક્ષમાર્ગ પોતાના આત્મામાં પ્રગટાવીને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! મોક્ષમાર્ગ તો આ શુદ્ધ જ્ઞાનમય આત્માના આશ્રયે રત્નત્રયની ઉપાસનાથી જ થાય છે, –એમ અમારા જોવામાં આવે છે, બીજો કોઈ મોક્ષમાર્ગ અમારા જોવામાં આવતો નથી. માટે તું પણ શુદ્ધ જ્ઞાનમય સ્વદ્રવ્યનો આશ્રય કરીને આવા જ મોક્ષમાર્ગને ઉપાસ. મુમુક્ષુઓએ આ એક જ માર્ગ અત્યંત આદરપૂર્વક સેવવા યોગ્ય છે.

* માર્ગપ્રકાશી સન્તોને નમસ્કાર હો *

# મૂંઝવણ અને માર્ગ

સંસારમાં હજારો પ્રકારની પ્રતિકૂળતા ક્યારેક જ્યારે એક સામટી આવી પડે, ક્યાંય ઉપાય ન સૂઝે, તે પ્રસંગે માર્ગ શું? –એક જ માર્ગ કે– ‘જ્ઞાનભાવના.’

‘જ્ઞાનભાવના’ ક્ષણમાત્રમાં બધી મુંઝવણને ખંખેરી નાંખીને હિતમાર્ગ સૂઝાડે છે, ને કોઈ અલૌકિક ધૈર્ય તથા અચિંત્ય તાકાત આપે છે.

# ભવ-તન-ભોગથી વિરક્ત થા...
## ધ્યાન વડે ચૈતન્યદેવની આરાધના કર.

**હાલમાં પરમાત્મપ્રકાશના પ્રવચનો દ્વારા પરમાત્મતત્ત્વની ભાવનાનું ઘોલન ચાલી રહ્યું છે. હે ભાઈ, આ ભવદુઃખ તને વહાલા ન લાગતા હોય ને સ્વભાવસુખનો અનુભવ તું ચાહતો હો, તો તારા ધ્યેયની દિશા પલટી નાંખ; જગતથી ઉદાસ થઈ અંતરમાં ચૈતન્યને ધ્યાવતાં તને પરમાનંદ પ્રગટશે ને ભવની વેલડી ક્ષણમાં તૂટી જશે, પરમ આરાધ્ય એવો ચૈતન્યદેવ તારા અંતરમાં જ બિરાજી રહ્યો છે.**

આ જીવને અજ્ઞાનથી જે સંસારભ્રમણ છે તે ભ્રમણનું દુઃખ કેમ ટળે ને આત્માનું સુખ કેમ પ્રગટે–એમ પૂછનાર શિષ્યને આ પરમાત્મ–પ્રકાશમાં તેનો ઉપાય બતાવ્યો છે. હે જીવ! આ સંસારની ચારે ગતિના ભવથી, તનથી ને ભોગથી ઉદાસ થઈને અંતરમાં તારા શુદ્ધાત્માને તું ધ્યાવ; એને ધ્યાવતાં આ સંસાર દુઃખની વેલડી એક ક્ષણમાં તૂટી જશે.

भव-तणु-भोय-विरत्तमणु जो अप्पा झाएइ।
तासु गुरुक्की वेल्लडी संसारिणि तुट्टेई।। ३२।।

આત્મસ્વરૂપની તારે પ્રાપ્તિ કરવી હોય ને આ ભવદુઃખથી છૂટવું હોય તો હે જીવ! તું ભવ–તન–ભોગથી વિરક્તચિત્ત થઈને આત્માને ધ્યાવ; જુઓ, પૂજામાં પણ ભગવાનની દીક્ષાના વર્ણનમાં 'ભવ–તન–ભોગથી વિરક્ત' એ વાત આવે છે. બહારના ભોગાદિમાં જેનું ચિત્ત ઉદાસીન ન હોય તે પોતાના આત્મામાં ચિત્તને ક્યાંથી જોડે? ભાઈ, તને આ ભવદુઃખ વહાલા ન લાગતા હોય ('ન્હોય વહાલું અંતર ભવદુઃખ...'), વિકાર તને વહાલો ન લાગતો હોય ને સ્વભાવ સુખનો અનુભવ તું ચાહતો હો તો તારા ધ્યેયની દિશા પલટી નાંખ. ભવથી પાર એવો આનંદસ્વરૂપ, તનથી રહિત એવો અરૂપી અને બાહ્ય ભોગોથી પાર એવા અતીન્દ્રિય આનંદથી ભરપૂર, આવા તારા આત્માની પ્રીતિ–રુચિ–મહિમા પ્રગટ કર ને એનાથી વિરુદ્ધ જે ભવ–તન–ભોગ તેનાથી તારા મનને વિરક્ત કર. બહારથી મન વિરક્ત કેમ થાય? –કે અંતરમાં ઉપયોગને જોડે તો; અને અંતરમાં ઉપયોગ

કેમ જોડાય ?–કે બહારથી વિરક્ત થાય તો.–આ બંને એક સાથે છે; એકની અસ્તિ ત્યાં બીજાની નાસ્તિ. સ્વભાવની પ્રીતિ જાગી ત્યાં ભવ–તન–ભોગથી વિરક્તિ થઈ. જગતથી ઉદાસ થઈ, ચૈતન્યની પ્રીતિ કરીને તેને ધ્યાવતાં કોઈ પરમાનંદનો અનુભવ થાય છે ને તુરત સંસારની વિષવેલ તૂટી જાય છે. સ્વભાવમાં તાકાત છે કે વિકારના વંશને નિર્વંશ કરી નાંખે.

## ભવ-ભોગ-તન-વૈરાગ્ય ધાર...

## "ભવ તન ભોગ અનિત્ય વિચારા...ઈમ મન ધાર તપે તપ ધારા."

અહા, તીર્થંકર જેવા પણ ભવ–તન–ભોગને અનિત્ય વિચારી, ક્ષણમાં છોડીને ચૈતન્ય સ્વરૂપને સાધવા વનમાં સંચર્યા. તીર્થંકરો પણ ભવથી ડરીને એનાથી દૂર ભાગ્યા ને એકાકી થઈ, અસંગ થઈ, વનમાં ચૈતન્યધ્યાનમાં મગ્ન થયા. માટે હે જીવ! ભવ–તન–ભોગથી તું વિરક્ત થા...ને ચૈતન્યસ્વરૂપને ધ્યાવ.–એ જ સુખના અનુભવનો ઉપાય છે.

## આંખ ઉઘાડ...તને ભગવાન દેખાશે

આ શરીરને તો 'ભવમૂર્તિ' કહ્યું છે, એ તો ભવની મૂર્તિ છે ને ભગવાન આત્મા મોક્ષનું ધામ છે. શરીર તો અશુચીધામ છે ને આત્મા પવિત્રધામ છે. શરીર તો પરમાણુનો પૂંજ છે, ને આત્મા તો અનંત ગુણોનો પૂંજ પરમાત્મા છે.–આ રીતે આત્મા દેહથી અત્યંત ભિન્ન છે. કોઈ કહે કે અમને દેહ વગરનો આત્મા દેખાડો ? તો કહે છે કે ભાઈ, અત્યારે જ દેહ વગરનો આત્મા અંતરમાં બિરાજી રહ્યો છે, પણ દેખવા માટે તું તારી આંખ ઊઘાડ ત્યારે ને ? સૂર્ય ઝળહળતો ઊગ્યો પણ આંધળો ક્યાંથી દેખે ? તેમ આ દેહ જ્યાં છે ત્યાં જ આનંદમૂર્તિ આત્મા બિરાજી રહ્યો છે, પણ ધ્યાન વગર તે દેખાતો નથી. ભાઈ, તારી ધ્યાનરૂપી આંખ ઊઘાડ ત્યાં તને ભગવાન દેખાશે. દ્રષ્ટિ રાખે શરીર ઉપર અને કહે કે આત્મા દેખાતો નથી; –પણ ક્યાંથી દેખાય ? આત્મા તરફ નજર કરે તો દેખાય ને ? એક વાર બહારથી નજર ફેરવીને અંતરમાં નજર કર તો પરમ આદરણીય પરમાત્મા તારામાં જ એવો તને દેખાશે; બહાર જાયે તે નહિ દેખાય.

## આરાધ્ય દેવનો અગાધ મહિમા

અરે, ચૈતન્ય દ્રવ્ય...તેના અગાધ મહિમાની જીવોને ખબર નથી. મહા પવિત્ર અને આરાધવા યોગ્ય એવો આત્મદેવ પોતે જ છે. આત્મદેવની આરાધના કરતાં પંચપરમેષ્ઠીપદ પ્રગટી જાય છે. પરમેષ્ઠીપદના ભંડાર ચૈતન્યમૂડીમાં ભર્યા છે, તેનો ખ્યાલ આવે તો તેનો મહિમા આવે ને તેમાં એકાગ્રતા થાય...એટલે આનંદનું વેદન પ્રગટે.

## ચૈતન્યની રુચિમાં મોક્ષસુખનાં બીજડાં પડયાં છે.

## વિકારની રુચિમાં અનંત ભવનાં બીજડાં પડયાં છે.

આરાધ્ય એવા આત્મદેવની આરાધના કરતાં આત્મા પોતે આરાધ્ય–પરમાત્મા બની જાય છે. આમ જાણીને હે ભાઈ ! શુદ્ધભાવ વડે આત્મદેવની આરાધના કર.

### દેહ અને આત્મા

અરે, દેહથી ભિન્ન આ ચૈતન્યદેવ, તે દેહને અડતોય નથી. પોતાના ચૈતન્યદેવની આરાધના છોડીને, જડ દેહમાં મૂર્છાઈ ગયો તેથી નવા નવા દેહ ધારણ કરી કરીને સંસારમાં રખડયો. છતાં તે દેહથી અલિપ્ત જ રહ્યો છે; પોતાના સ્વરૂપને કદી છોડયું નથી.

### સ્વાનુભૂતિ

અનાદિથી જીવને જે વિકારનું–આકુળતાનું–દુઃખનું જ વેદન હતું; તેનાથી ભિન્ન થઈને, આત્માની સ્વાનુભૂતિથી જ્યારે આનંદનું–નિરાકુળશાંતિનું વેદન થયું ત્યારે સમ્યગ્દર્શન થયું; ત્યારે પહેલું ગુણસ્થાન છોડીને જીવ ચોથા ગુણસ્થાને આવ્યો, ને ત્યારે જ ધર્મની ને મોક્ષમાર્ગની શરૂઆત થઈ.

### કાયારૂપી કાદવમાં અલિપ્ત ચૈતન્યકમળ

સ્વાનુભૂતિમાં તો આત્મા રાગનેય સ્પર્શતો નથી, આનંદને જ સ્પર્શે છે–અનુભવે છે; અહા; ચૈતન્યભાવ રાગને પણ નથી સ્પર્શતો, ત્યાં જડશરીરને કેમ સ્પર્શે ? ત્રણકાળમાં અમૂર્તઆત્મા મૂર્તશરીરને કદી સ્પર્શ્યો નથી, કદી એકમેક થયો નથી. આત્મા વસે છે ક્યાં ? કે દેહમાં; પણ નિશ્ચયથી પોતાના ચૈતન્યશરીરમાં રહેનારો આ આત્મા દેહને અડયો નથી, તેમ જ દેહનાં રજકણો આત્માને અડયાં નથી. અસ્પર્શી આત્માને જડ કેમ સ્પર્શે ? જેમ કમળપત્ર ક્યાં રહ્યું છે ? કે પાણીમાં; અને છતાં તે કમળપત્ર પાણીને અડયું નથી, પાણીથી તે અલિપ્ત જ છે, તેમ ચૈતન્યકમળ તે કાયારૂપી કાદવની વચ્ચે રહ્યું છતાં તે કાયારૂપી કાદવથી લેપાયેલું નથી. જડ કાયાનો એક અંશ પણ ચૈતન્યમાં ક્યાંય પ્રવેશ્યો નથી. અહા, કેટલી સ્પષ્ટ ભિન્નતા ? આવી ભિન્નતા કોણ દેખે ? કે જે જીવ સંયોગદ્રષ્ટિના ચશ્મા ઉતારી નાંખીને, અસંયોગી સ્વભાવની દ્રષ્ટિથી દેખે તેને પોતાના અંતરમાં ચૈતન્યતત્ત્વ દેહથી ભિન્ન વિલસતું દેખાય છે.

### આનંદની સ્ફુરણા

લોકાગ્રે સિદ્ધભગવાન જેમ શરીર વગરના છે તેમ તારો આત્મા પણ હે જીવ ! શરીર વગરનો જ છે. 'શરીરનો જુદો' એટલે શરીર વગરનો;–આમ જાણીને હે જીવ !

દેહથી વિરક્ત થઈને તારા આત્માને નિજસ્વરૂપના ચિંતનમાં જોડ. તેમાં તને પરમ આનંદની સ્ફૂરણા થશે.

અહા, સમભાવમાં સ્થિત ધર્માત્મા–યોગીને તેની નિર્વિકલ્પ સમાધિમાં વીતરાગી અચિંત્ય પરમઆનંદને આપતું જે કોઈ પરમ તત્ત્વ સ્ફૂરાયમાન થાય છે તે જ પરમાત્મા છે. વ્યવહારથી વિમુખ થઈને શુદ્ધાત્માના અનુષ્ઠાનમાં ( અનુભવમાં ) જે સ્થિત છે એવા કોઈ વિરલ યોગીને અપૂર્વ પરમઆનંદ પ્રગટે છે. આવા પરમાનંદસ્વરૂપ જે કોઈ પરમતત્ત્વ છે તે જ ઉપાદેય છે, ને તેનાથી વિપરીત બીજું બધુંય હેય છે–એમ હે શિષ્ય ! તું જાણ.–આમ જાણીને તું તારા આત્માને જ ઉપાદેયરૂપ કરીને તેમાં તારા ઉપયોગને જોડ...તેમાં તને કોઈ અપૂર્વ આનંદ સ્ફૂરાયમાન થશે.

## જોરદાર થા

કોઈ કહેઃ અરે, આવડી મોટી વાત ? અમારી શક્તિ તો થોડી ને આ તો બહુ મોટી વાત ! તો કહે છે કે–અરે જીવ ! તું જોરદાર થા...હું નાનો નથી પણ સિદ્ધ જેવો છું–એમ જોરદાર થઈને આત્માને પરમાત્મપણે પ્રતીતમાં લે. 'હું નમાલો, હું રાગી, હું પામર, હું અજ્ઞાની,–આવડી મોટી પરમાત્મા થવાની વાત અમને કેમ સમજાય ! '–એવી ઢીલી વાત જ્ઞાનમાંથી કાઢી નાંખ, અને 'હું પૂરો, હું વીતરાગ, હું પરમાત્મા, હું સર્વજ્ઞસ્વભાવથી ભરેલો' એમ નિશ્ચયસ્વભાવને દ્રષ્ટિમાં લઈને તું જોરદાર થા...એ સ્વભાવ તરફનું જોર કરતાં પરમાનંદના અનુભવની સ્ફૂરણાસહિત, અજ્ઞાન ટળીને જ્ઞાન થશે, રાગ ટળીને વીતરાગતા થશે, પામરતા ટળીને પ્રભુતા ખીલશે. પણ એકવાર વ્યવહારમાંથી બહાર નીકળીને ચિદાનંદ શુદ્ધ સ્વરૂપમાં નિશ્ચલ થા. એ શુદ્ધદ્રષ્ટિમાં ને એ સ્વાનુભૂતિમાં એવું જોર છે કે કેવળજ્ઞાન અને સિદ્ધપદ આપે. માટે હે મુમુક્ષુ ! તું જોરદાર થા. આત્માના સ્વભાવનો ઉત્સાહ કર. વ્યવહારથી ( –વિકલ્પોથી–રાગથી ) દૂર થઈને આત્માની સમીપ થા.

## કોણ સમીપ...ને કોણ દૂર ?

ધર્માત્માને પોતાનો શુદ્ધાત્મા જ સમીપ છે, ને પરભાવો તો દૂર છે; અજ્ઞાની સ્વભાવને દૂર રાખીને પરભાવોને સમીપ કરે છે; ને જ્ઞાની પરભાવોને દૂર કરીને સ્વભાવમાં જ સમીપતા કરે છે. મારી નિકટની–અંગત વસ્તુ હોય તો તે મારો સ્વભાવ જ છે, એ સિવાય કોઈ પરભાવો મારા નિકટના નથી, મારા અંગત નથી, એ તો મારાથી પારકા છે, દૂર છે. આમ સ્વને જ નિકટ જાણીને અને પરને દૂર જાણીને, નિજ સ્વરૂપની જ સન્મુખ થઈને તેને ધ્યાવ. તારું સ્વરૂપ તને પરમ આનંદરૂપે અનુભવાશે. **ભાઈ ! તને આ ભવદુઃખ વ્હાલા ન હોય ને મોક્ષસુખને તું અનુભવવા ચાહતો હો, તો તારા ધ્યેયની દિશા પલટાવી નાંખ...આત્માનો રંગ લગાડી જગતથી ઉદાસ થઈ અંતરમાં ચૈતન્યસ્વભાવને ધ્યાવ...એ ધ્યાનમાં તને પરમ આનંદમય મોક્ષસુખ અનુભવાશે.**

# સ્વ... સં... વે... દ... ન

**સ્વસંવેદનજ્ઞાની અંતરાત્માના અલૌકિક વીતરાગી મહિમાનું આમાં સુંદર વર્ણન છે. અહા, વિલક્ષણ ધર્માત્માને સ્વસંવેદનમાં આનંદની ધારા ઉલ્લસે છે. આત્મા પોતે રાગ વગરનો આનંદસ્વભાવી છે, તેથી તેનું સંવેદન પણ તે જ જાતનું છે. પરમાત્માની જાત પોતામાં પ્રગટ કર્યા વિના પરમાત્માનું ખરૂં સ્વરૂપ જાણી શકાય નહિ. સ્વસંવેદનના બળથી જ્ઞાની પોતાના ચૈતન્યભાવમાં બાહ્યભાવોને જરાય પ્રવેશવા દેતા નથી.-આવું સ્વસંવેદન તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે, તેમાં શાંતિ છે, તેમાં પરમઆનંદ છે. સ્વસંવેદન કહો કે શુદ્ધાત્માની અનુભૂતિ કહો, તેને સંતોએ સમસ્ત જૈનશાસનનો સાર કહ્યો છે. હે જીવ ! તેમાં જ તારા પરિણામ લગાવ.**

( પરમાત્મ–પ્રકાશના પ્રવચનમાંથી )

જેને સંસારદુઃખથી છૂટવાની ને મોક્ષસુખ પ્રાપ્ત કરવાની અભિલાષા છે એવા ( ભટ્ટ પ્રભાકર જેવા ) શિષ્યે વિનયથી પૂછયું છે કે હે સ્વામી ! મને એવું પરમાત્મસ્વરૂપ કૃપા કરીને બતાવો કે જેને જાણવાથી મારું અનાદિનું આ દુઃખ નાશ થાય ને મને પરમ આનંદની પ્રાપ્તિ થાય. તેના ઉત્તરમાં શ્રીગુરુ તેને પરમઅનુગ્રહથી–પ્રસન્નતાથી પરમાત્મસ્વરૂપ સમજાવે છે.

હે વત્સ ! બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા–એમ ત્રિવિધ આત્માને જાણીને તું શીઘ્ર મૂઢતારૂપ બહિરાત્મપણાને છોડ, ને અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવ. આત્માના પરમસ્વભાવને સ્વસંવેદનજ્ઞાનથી જાણતાં અંતરાત્મપણું થાય છે કેવળજ્ઞાનથી ભરેલો એવો જે પરમાત્મસ્વભાવ તે વીતરાગીસ્વસંવેદનજ્ઞાનથી જણાય છે.

સ્વસંવેદનરૂપ આત્મજ્ઞાનને 'વીતરાગ' કેમ કહ્યું ? કેમકે જ્ઞાનમાં બાહ્ય ઇન્દ્રિયવિષયોનું જે સંવેદન છે તે તો રાગવાળું છે, ને આ અંતર્મુખ થઈને આત્માને અનુભવનારું જ્ઞાન તો રાગના અભાવરૂપ છે તેથી તેને 'વીતરાગ' વિશેષણ યોગ્ય જ છે. ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દ્રષ્ટિનું જે સ્વસંવેદનજ્ઞાન છે તે પણ રાગ વગરનું વીતરાગ છે. ચોથા ગુણસ્થાને રાગ તો હોય છે ને ?–તો કહે છે કે સ્વસંવેદનજ્ઞાનમાં રાગનો અભાવ છે. સ્વસન્મુખ થયેલા જ્ઞાનમાં રાગનું વેદન નથી, એમાં તો વીતરાગીઆનંદનું જ વેદન છે.

અજ્ઞાનીને એકલું પરલક્ષી જ્ઞાન છે, તેમાં તેને રાગનું જ વેદન છે. જ્ઞાનીને સ્વસન્મુખ થયેલા ઉપયોગમાં રાગના વેદનનો અભાવ છે તેથી તે સ્વસંવેદન વીતરાગ છે. ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને જેમ જેમ સ્વસંવેદન વધતું જાય છે તેમ તેમ વીતરાગતા પણ વધતી જાય છે.

જ્ઞાન અંતર્મુખ થઈને પોતાના સ્વભાવમાં વળે ત્યારે તેમાં રાગ આવતો નથી; સ્વભાવમાં એકાગ્ર થયેલ જ્ઞાનમાં તો વીતરાગી ચૈતન્યરસનું જ વેદન છે. આવું સ્વસંવેદન થાય ત્યારે આત્માને સમ્યક્પણે જાણ્યો કહેવાય, ને ત્યારે અંતરાત્માપણું થાય. બાહ્યવસ્તુને જ જાણવામાં જેનું જ્ઞાન અટકયું છે તે બહિરાત્મા છે તેનું જ્ઞાન રાગથી દુષિત છે, તેમાં કષાયનું વેદન છે. જ્ઞાન અંદરમાં આવ્યું ત્યાં વીતરાગ થયું; જ્ઞાન બહારમાં ગયું ત્યાં સરાગ થયું. જેનું જ્ઞાન સ્વને ભૂલીને એકલા પરને જોવામાં ને રાગને જ તન્મયપણે વેદવામાં રોકાયું તે બહિરાત્મા છે, તે બહિરાત્માને મૂઢભાવ હોય છે. હે જીવ! આવા બહિરાત્માપણાને ઓળખીને તેને તું છોડ; ને અંતરાત્માપણું મહિમાવંત છે તેને તું પ્રગટ કર.

અનાદિથી તેં બાહ્યમાં ઝંપલાવ્યું છે તેમાં તો તડકામાં માછલું તરફડે એના જેવું છે, તેમાં ક્યાંય શાંતિ નથી. આત્માનો ઉપયોગ ઉપયોગમાં જ રહે–એટલે કે નિજસ્વરૂપમાં જ રહે–તેમાં શાંતિનું વેદન છે. શાંતિનો સમુદ્ર આત્મા છે તેમાં ડુબકી મારતાં આનંદનું સંવેદન થાય છે ને તેમાં રાગની આકૂળતા વેદાતી નથી. માટે સ્વરૂપમાં ડુબકી મારનારું સ્વસંવેદનજ્ઞાન વીતરાગ છે, આનંદરૂપ છે. ચોથા ગુણસ્થાને અંતરાત્મા થયો તેને આવા વીતરાગ આનંદનું સંવેદન હોય છે. અહા, અંતરાત્માની શું દશા છે તેની પણ જગતને ઓળખાણ બહુ દુર્લભ છે.

ચોથે–પાંચમે ગુણસ્થાને રાગ તો હોય છે પરંતુ ત્યાં જે સ્વસંવેદન છે તે કાંઈ રાગવાળું નથી, તે સ્વસંવેદન તો રાગ વગરનું જ છે; આ રીતે સ્વસંવેદન તો સર્વત્ર વીતરાગ જ છે. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયોનો જે અભાવ છે તેટલો તો રાગ વગરનો વીતરાગ ભાવ છે, તેટલી શુદ્ધતા છે, તેટલો મોક્ષમાર્ગ છે, તેટલો નિશ્ચય છે. જેટલો રાગ બાકી રહ્યો તેટલી અશુદ્ધતા છે, તે મોક્ષમાર્ગ નથી, તે સ્વસંવેદનરૂપ જ્ઞાનથી ભિન્ન છે. આવી અંતરાત્માની સ્થિતિ છે.

આનંદસ્વરૂપ આત્મા છે, તેના સ્વભાવમાં જ દેવ–ગુરુ ને તીર્થ બધું સમાય છે. દેવ એટલે સર્વજ્ઞપદ તે કાંઈ આત્માથી ભિન્ન નથી, ગુરુ એટલે સાધકપદ તે કાંઈ આત્માથી ભિન્ન નથી; અને તીર્થ એટલે રત્નત્રયધર્મ તે પણ આત્માથી ભિન્ન નથી. આવા આત્માનો અનુભવ વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી જ થાય છે; આત્માના સંવેદનમાં રાગનો અભાવ છે.

અસંખ્યપ્રદેશી ચૈતન્યઘટ અમૃતરસથી ભરેલો છે. વીતરાગી આનંદથી ભરેલો ચૈતન્યકલશ, તેનો સ્વાદ લેનારું જ્ઞાન પણ વીતરાગ છે. ચોથા ગુણસ્થાને પણ જેટલું સ્વસંવેદન છે તેટલો વીતરાગભાવ છે. આવા વીતરાગ અંશ વગર ધર્મની શરૂઆત થાય નહિ.

જેટલા મહાન ગુણો જગતમાં છે તે બધાય ગુણોથી આ આત્મા પરિપૂર્ણ છે; આવી પ્રભુતાથી ભરેલો પોતાનો ઈશ્વર, તેમાં સ્વસન્મુખ થતાં જ્ઞાનબીજ ઊગે છે; ભેદજ્ઞાનરૂપ બીજનો પ્રકાશ ચોથા ગુણસ્થાને થયો છે. પછી ગુણસ્થાન અનુસાર સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગભાવ વધતા જાય છે, શાંતિ ને આનંદનું વેદન પણ વધતું જાય છે.

સર્વાર્થસિદ્ધિના સંયોગમાં રહેલ સમ્યગ્દ્રષ્ટિ જે આત્મિક શાંતિ વેદે છે, પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચ–શ્રાવક તેના કરતાં અનંતગુણી આત્મિક શાંતિ વેદે છે; અને નિષ્પરિગ્રહી મુનિરાજ છઠ્ઠાસાતમા ગુણસ્થાને એના કરતાંય અનંતગુણી આત્મશાંતિ વેદે છે. ને સર્વજ્ઞ પરમાત્માના પૂર્ણાનંદની તો શી વાત? આવી શાંતિનું વેદન વીતરાગી સ્વસંવેદન જ્ઞાન વડે જ થાય છે. આત્માના સંવેદનમાં વીતરાગતાની હાક વાગે છે; બહારમાં આત્માની હાક વાગે એમ નથી. તારી હાક તારામાં, તારો પ્રભાવ તારામાં; તારામાં આનંદથી ભરેલા ચૈતન્યપૂર વહે છે તેમાં જેટલો એકાગ્ર થા તેટલી તને શાંતિ. આત્મા જ્યારે શુદ્ધોપયોગની શ્રેણીમાં ચડે છે ત્યારે આનંદની ધારા ઉલ્લસે છે. ચોથા ગુણસ્થાનથી જેટલી શુદ્ધતા છે તેટલી આનંદની ધારા વહે છે. રાગનો જેમાં સંસર્ગ નથી એવા સ્વસંવેદન વડે જ આત્મા જણાય છે ને આનંદ વેદાય છે.

રાગથી પાર થઈને અને અતીન્દ્રિય સ્વભાવમાં ઝૂકીને આત્માને જાણે છે કે 'આ સ્વસંવેદન તે હું છું'–એમ જાણનારું જ્ઞાન રાગ વગરનું છે. પર તરફ ઝૂકીને પરને જાણનારું જ્ઞાન તો રાગસહિત છે. અને રાગસહિત જ્ઞાન આત્માનું સ્વસંવેદન કરી શકતું નથી. આત્મા પોતે રાગ વગરના સ્વભાવવાળો છે તેથી તેનું સ્વસંવેદન જ્ઞાન પણ તે જ જાતનું છે. આવું સ્વસંવેદન જેને થયું તે અંતરાત્મા છે; તે પરમાત્માને જાણે છે ને દેહબુદ્ધિરૂપ બહિરાત્માને છોડે છે.

બહિરાત્માનું સ્વરૂપ ઓળખીને તે છોડવા જેવું છે; કેવો છે બહિરાત્મા? દેહાદિ બાહ્ય પદાર્થોમાં કે રાગાદિ બહિર્ભાવોમાં આત્મબુદ્ધિ કરનારો બહિરાત્મા છે; તે ભિન્ન આત્મસ્વરૂપને દેખતો નથી ને બાહ્યભાવોમાં જ આત્મબુદ્ધિથી રોકાઈ રહે છે. તેને અહીં મૂઢ કહ્યો છે ને અંતરાત્માને વિચિક્ષણ કહ્યો તથા પરમાત્મા તો બ્રહ્મરૂપ કેવળજ્ઞાનરૂપ છે. પોતાના ચૈતન્યભાવમાં બાહ્યભાવોને જરાય પ્રવેશવા દેતા નથી એ અંતરાત્માની વિચિક્ષણતા છે. અજ્ઞાની પરભાવોમાંય સ્વપણે વર્તી રહ્યો છે તે મૂઢતા છે. મિથ્યાત્વરૂપ પરિણમ્યો

તે મૂઢ; તે બહિરાત્મા; વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનવડે આનંદરૂપ પરિણમ્યો તે વિચિક્ષણ; તે અંતરાત્મા; તે ધર્માત્મા. તે અંતરાત્મપણાવડે પરમાત્મપણું સધાય છે.

* અંતરમાં દેહાદિથી ભિન્ન આત્મા જેણે જાણ્યો તે અંતરાત્મા છે.

* આત્માનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ જેણે પ્રગટ કર્યું તે પરમાત્મા છે.

* આત્માને ભૂલીને બહારમાં–દેહાદિમાં આત્મબુદ્ધિ કરે તે બહિરાત્મા છે.

ચોથા ગુણસ્થાનવાળો જીવ અંતરાત્મા છે, પંડિત છે, સમ્યગ્દર્શનરૂપ નિર્વિકલ્પ સમાધિને પામેલો છે. પરમાત્માનો નમૂનો એનામાં આવી ગયો છે. પરમાત્માનો નમૂનો પોતામાં આવ્યા વગર પરમાત્માનું સ્વરૂપ વાસ્તવિકપણે જાણી શકાય નહિ. પોતાના સ્વસંવેદનથી પરમાત્મસ્વરૂપનું જ્ઞાન થયું ત્યારે જ પરમાત્માની ખરી ઓળખાણ થઈ. આવું પરમાત્મસ્વરૂપ ઇંદ્રિયાતીત સ્વસંવેદનથી જ જાણવામાં આવે છે. શાસ્ત્રના શબ્દથી કે તે શબ્દોના જ્ઞાનથી આત્મા અનુભવમાં આવતો નથી. પણ જ્ઞાનને આત્મા તરફ વાળીને જ, આત્માના ધ્યાનથી જ આત્મા જણાય છે. સંયોગમાં સુખબુદ્ધિવાળો જીવ અસંયોગી આત્માને નહિ અનુભવી શકે. સર્વ વાતે પરિપૂર્ણ એવો આત્મસ્વભાવ, તે નિર્વિકલ્પદૃષ્ટિ અને નિર્વિકલ્પ આનંદના સંવેદનથી જ શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં આવે છે.

અહા, ચૈતન્યના આનંદની મીઠાશ! તેનો સ્વાદ જેણે લીધો તેને જગતના વિષયોની મીઠાશ કેમ રહે? એ વીતરાગી આનંદ પાસે રાગની મીઠાશ કેમ રહે? આત્માને જાણવાનો ઉપાય રાગથી ને વિષયોથી પાર છે; એકલો જ્ઞાનમય થા તો જ જ્ઞાનમય આત્મા અનુભવમાં આવે,–આમ સમજીને હે જીવો! ચિદ્રૂપમાં જ તમારા પરિણામ લગાવો.

જેને ચૈતન્યનો પ્રેમ હોય તેને એનાથી વિરુદ્ધ એવા રાગનો પ્રેમ કેમ હોય?–ન જ હોય. જેને રાગનો પ્રેમ હોય તેને બાહ્ય વિષયોનો પણ પ્રેમ હોય કેમકે રાગનું ફળ તો બાહ્ય વિષયો જ છે. અંતરનો વિષય આખો આત્મા, તે રાગનો વિષય થતો નથી, અતીન્દ્રિયજ્ઞાનનો જ વિષય તે થાય છે.

આત્મામાં સુખ છે એમ ખરેખર કોને બેસે? કે બહારમાં ઇન્દ્રપદમાંય સુખ જેને ન ભાસે, ઇન્દ્રપદના કારણરૂપ જે રાગ તેમાં જેને સુખ ન લાગે. એકલો આત્મા, એટલે વિષયોથી ને રાગથી પાર એવો એકલો જ્ઞાનમય આત્મા, તે સર્વ પ્રકારે સ્વરૂપથી પૂર્ણ છે, તે જ સ્વાધીન સુખરૂપ છે; તે એકલાનો અનુભવ પણ એકલો થઈને (રાગથી પાર થઈને) જ થાય છે. માટે પોતાને પોતાની જ સામે જોવાનું છે.–આજ શરૂઆતનો સીધો ઉપાય છે.

આ દેહરૂપી દેવાલયમાં બિરાજમાન ચૈતન્ય પ્રભુ આત્મા, અને સિદ્ધાલયમાં બિરાજમાન સિદ્ધપ્રભુ, તેમાં ખરેખર કાંઈ ફેર નથી. માટે પોતાનું સ્વદ્રવ્ય જ પોતાને ઉપાદેય છે. જેવા સિદ્ધ તેવો તું; સિદ્ધસદ્રશ તારો શુદ્ધાત્મા જ તારે ધ્યાવવા યોગ્ય છે. –એ જ શાસ્ત્રનો સાર છે.

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

( શ્રીમદ્ રાજચંદ્ર )

રે જીવ ! સિદ્ધ ભગવાનમાં અને તારા આત્મામાં જરા પણ ભેદ ન કર. સિદ્ધ કરતાં તારા આત્મામાં જરાય અધૂરાશ નથી. આખી દુનિયા વગર એકલો તું પોતે જ જ્ઞાનથી–દર્શનથી–સુખથી ને પ્રભુતાથી પરિપૂર્ણ છો. તેમાં જ અવલોકન કર. જેમ ગોળ કોને કહેવાય ? કે ગળપણનો પિંડ તે ગોળ; તેમ આત્મા કોને કહેવો ? કે જ્ઞાન આનંદનો પિંડ તે આત્મા; આવા આત્માને જ ધ્યેય કરવો એમ ઉપદેશ છે. બધાય મહાપુરુષો આવા નિજ આત્માને ધ્યેય કરી કરીને જ મહાન થયા છે, તું પણ સ્વસંવેદનમાં તેને જ ઉપાદેય કર. સ્વસંવેદન વડે એને દેખતાં જ તારા સર્વ દુઃખો દૂર થશે ને કોઈ અચિંત્ય પરમ આનંદ તને અનુભવમાં આવશે.

## સીધો માર્ગ

શ્રી જિનભગવંતોએ કહેલો રત્નત્રયમાર્ગ સર્વોત્તમ છે. અનાદિના જન્મ–જરા–મરણના ચક્રરૂપ ભયાનક સંસાર રોગ મટાડવા માટેની એ અચૂક ઔષધિ છે, અને મોક્ષરૂપ પરિપૂર્ણ સ્વસ્થતા (સ્વ આત્મામાં સ્થિરતારૂપ સ્વાસ્થ્ય ) ને દેનાર છે. એ રત્નત્રય પરમ પવિત્ર છે, કલ્યાણકારી છે, તીર્થરૂપ છે, મંગળરૂપ છે ને મોક્ષનો સીધો માર્ગ છે.

# વીરાગી વરાંગના વૈરાગ્ય-ઉદ્‌ગારો

બાવીસમા તીર્થંકર નેમપ્રભુના વખતમાં 'વરાંગ' નામના રાજકુમાર થયા; રાજ્યાભિષેક, અનેક સંકટો, મહાન પુણ્યોદય, સમ્યક્‌ત્વસહિત શ્રાવકવ્રતોનું ગ્રહણ, જિનમંદિર–મહોત્સવ, તત્ત્વોપદેશ વગેરે અનેક પ્રસંગો બાદ, એકવાર તારો ખરતો દેખીને વરાંગકુમાર વૈરાગ્ય પામે છે ને વરદત્તકેવળી પાસે દીક્ષા લેવા જાય છે–તે પ્રસંગે તેના કેટલાક વૈરાગ્યઉદ્‌ગારો.

( વરાંગચરિત્રમાંથી )

* કુટુંબ–કબીલા કે પ્રેમીજનો મને માત્ર ભોજનાદિ સાધારણ કાર્યોમાં જ સાથ આપી શકે છે, મૃત્યુ સમયે તો તે બધા વ્યર્થ છે; તેમજ ધર્મકાર્યમાં પણ તે સાથ આપી શકતા નથી,–તો એનાથી મારું શું ભલું થવાનું છે? તેમજ તેઓ જ્યારે તેમના કર્મ અનુસાર ધકેલાઈ જશે ત્યારે હું પણ તેને અટકાવવા કે બચાવવા સમર્થ નથી. જીવના સાચા સાથીદાર તો તે જ છે કે જે ધર્મમાર્ગમાં સાથ આપે છે.
* જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે, પણ જે શત્રુ હોય છે તે તેને પકડીને ફરી તે આગમાં ફેંકે છે. તેમ, વૈરાગી વરાંગ કહે છે કે મોહની જ્વાળાથી ભડભડતો આ સંસાર, તે સંસારદુઃખની અગ્નિજ્વાળાથી હું બહાર નીકળવા માંગુ છું, તો હે મહારાજ! (પિતાજી!) કોઈ શત્રુની જેમ આપ મને ફરી તે અગ્નિજ્વાળામાં ન ફેંકશો, ઘરમાં રહેવાનું ન કહેશો.
* એ જ રીતે મોજાંઓથી ઊછળતા ભીષણસમુદ્ર વચ્ચેથી અથાગ પ્રયત્નપૂર્વક તરતો તરતો કોઈ પુરુષ કિનારા સુધી આવ્યો અને કોઈ શત્રુ ધક્કો દઈને પાછો સમુદ્રમાં હડસેલે, તેમ હે પિતાજી! દુર્ગતિનાં દુઃખોથી ભરેલા આ ઘોર સંસારસમુદ્રમાં અનાદિથી ડુબેલો હું વૈરાગ્ય વડે અત્યારે માંડમાંડ કિનારા પર આવ્યો છું, તો ફરીને આપ મને એ સંસારસમુદ્રમાં ન પાડો.
* કોઈ મનુષ્ય શુદ્ધ–સ્વાદિષ્ટ–સ્વચ્છ અમૃત જેવા મિષ્ટાન્ન જમતો હોય ને શત્રુ તેમાં ઝેર ભેળવી દે, તેમ હું અત્યારે સંસારથી અત્યંત વિરક્ત થઈને, મારા અંતરમાં ધર્મરૂપી પરમ અમૃતનું ભોજન લેવા તત્પર થયો છું, તે વખતે તેમાં રાજ્યલક્ષ્મીના ભોગવટાનું વિષ ભેળવીને આપ શત્રુકાર્ય ન કરશો.

* અરે, જેઓ સંસારના માત્ર પાપકાર્યોમાં જ સહાયક થાય છે, અને પવિત્ર ધર્મકાર્યોમાં વિઘ્ન નાખે છે, એના જેવો શત્રુ બીજો કોણ છે?

* મારા અંતરમાં અત્યારે શુદ્ધોપયોગની પ્રેરણા જાગી છે, મારું મન સર્વત્ર વિરક્ત થયું છે.

* દીક્ષા માટે તૈયાર થયેલ વરાંગરાજ પોતાના પુત્રોને અંતિમ હિતશિખામણ દેતાં કહે છે કે, લૌકિક યોગ્યતા અને સજ્જનતા ઉપરાંત, ભગવાન અર્હંતદેવ દ્વારા ઉપદિષ્ટ રત્નત્રયધર્મને કદી ન ભૂલો. શાસ્ત્રજ્ઞની સંગતિ કરો. રત્નત્રયથી ભૂષિત સજ્જનોનો આદર અને સમાગમ કરો. મુનિ–આર્યિકા–શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની જ્યારે જ્યારે અવસર મળે ત્યારે આદરપૂર્વક વંદના કરો...અને રત્નત્રયના સેવનમાં સદા તત્પર રહો.

* એ રીતે વરાંગકુમાર વૈરાગ્યથી જ્યારે વન તરફ ચાલ્યા ત્યારે તેને દેખનારા કેટલાક જીવોએ તો તેની પ્રશંસા કરી, અને બીજા જીવો–કે જેમનો આત્મા મર્યો ન હતો, –જેમનું આત્મબળ દીન થયું ન હતું–જેઓ આત્મહિતમાં જાગૃત હતા તેઓ તો વરાંગ સાથે જ ચાલી નીકળ્યા....'આ રાજકુમાર આત્મહિત સાધવા વનમાં જશે ને અમે શું અહીં હાથ જોડીને બેસી રહેશું?'–એમ કહીને તેઓ પણ તેની સાથે જ વૈરાગ્યથી વનમાં સીધાવ્યા.

* ભયભીત કાચબો પોતાના સર્વાંગને પોતામાં જ સંકોચી લ્યે છે તેમ સંસારથી ભયભીત વરાંગ મુનિરાજે પોતાનો ઉપયોગ સમસ્ત ઇન્દ્રિયોથી સંકોચીને પોતામાં જ એકાગ્ર કર્યો હતો. જેનો ઉપયોગ પોતામાં જ લીન છે તેને આ જગતમાં ભય નથી.

# જિનમાર્ગ અત્યન્ત સરળ છે

સર્વજ્ઞ જિનેન્દ્રોના માર્ગનું અનુસરણ કરવાથી જીવનો ઉદ્ધાર થાય છે, ને તે જન્મ–મરણરહિત અમર પદ પામે છે. અને આ કાંઈ કલિષ્ટ માર્ગ નથી પરંતુ સ્વભાવિક હોવાને કારણે વિવેકી પુરુષોને માટે તે અત્યંત સરલ છે. હે જીવ! અંતરાત્માવડે તેનું ગ્રહણ કરીને તું સન્માર્ગી થા.

# આ માસની વિવિધ વાનગી

( ચર્ચા અને પ્રવચનો ઉપરથીઃ માગસર માસ )

## ચમત્કારી ચૈતન્ય હીરો

આ ચૈતન્યહીરો જ્ઞાનપ્રકાશથી ચમકતો, અનંત ગુણના નિર્મળ કિરણોથી ઝગમગતો છે. આ ચૈતન્યમાં ભરેલા અગાધ ચમત્કારની જગતને ખબર નથી. અહા, ચૈતન્ય હીરો...જેમાં એકાગ્ર થતાં એક ક્ષણમાં કેવળજ્ઞાનની અચિંત્યવિભૂતિ પ્રગટે. અરે જીવ ! આવો ચમત્કારી ચૈતન્યહીરો તારામાં છે. તે પ્રાપ્ત કરવાનો અતિદુર્લભ સુઅવસર તને મળ્યો છે. તો કાળની એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવ્યા વિના તારા ચૈતન્યહીરાને દેખ. આ ચૈતન્યહીરા પાસે જગતમાં કોઈની મહત્તા નથી.

*

## સન્તો જ જાણે છે

આત્મસ્વરૂપનો અચિંત્ય મહિમા આત્માનુભવી સંતો જ જાણે છે. તેમના અંતરમાં નિર્વિકલ્પ ધ્યાનમાં તે આત્મા આનંદસહિત સ્ફૂરાયમાન થાય છે. આવો જ આત્મા ઉપાદેય છે. તે જ જ્ઞાનમાં શ્રદ્ધામાં અનુભવમાં લેવા જેવો છે. પોતાના આવા પરમાત્મતત્ત્વને સન્તો જ જાણે છે.

*

## ચૈતન્યમાં વિકલ્પનો પ્રવેશ નથી

વિકલ્પવડે નિર્વિકલ્પ–ચૈતન્યના અનુભવ તરફ જવાશે–એમ જે માને છે તે વિકલ્પને અને નિર્વિકલ્પતત્ત્વને બંનેને એક માને છે, તેને વિકલ્પનો જ અનુભવ રહેશે પણ વિકલ્પથી પાર એવા નિર્વિકલ્પ ચૈતન્યનો અનુભવ તેને નહિ થાય. વિકલ્પને સાધન માને તે વિકલ્પનું અવલંબન છોડીને આઘો જાય નહિ, એટલે વિકલ્પથી પાર એવું ચૈતન્યતત્ત્વ તેના અનુભવમાં આવે નહિ. ભાઈ, ચૈતન્યતત્ત્વ અને વિકલ્પ–એ બંનેની જાત જ જુદી છે; ચૈતન્યમાંથી વિકલ્પની ઉત્પત્તિ થતી નથી, અને વિકલ્પનો પ્રવેશ ચૈતન્યમાં થતો નથી. આમ અત્યંત ભિન્નતાને ઊંડેથી વિચારીને તું ચૈતન્યની જ ભાવનામાં તત્પર રહે.

ચૈતન્યમાં જેમ જેમ નીકટતા થતી જાય છે તેમ તેમ વિકલ્પો શમતા જાય છે. ચૈતન્યમાં લીન થતાં વિકલ્પો અલોપ થઈ જાય છે. આ રીતે ચૈતન્યમાં વિકલ્પ નથી, એવા ભિન્ન ચૈતન્યને તું તીવ્ર લગનીથી ચિંતવ.

*

## સ્વરૂપની વાર્તા

હે જીવ! શુદ્ધાત્માના અનુભવની જે વાત સન્તો મહિમાપૂર્વક કહે છે તે તારા સ્વરૂપની જ વાર્તા છે, બીજાની વાત નથી. તારા સ્વરૂપનો રસીયો થઈને તું અનુભવ માટે અભ્યાસ કર, એમ કરવાથી તને તારા સ્વરૂપના આનંદનો અનુભવ થશે. પોતાનું સ્વરૂપ પોતાને અપ્રાપ્ત કેમ હોય? જો જગતના બીજા ઝંઝટ છોડીને, એક આત્માનો જ અર્થી થઈને સતતપણે અંતરંગ અભ્યાસ કર તો તારું સ્વરૂપ તને પ્રસિદ્ધ અનુભવમાં આવશે...જેના અનુભવથી તારું જીવન સર્વ પ્રકારે ઉજ્જવળ અને આનંદમય બનશે.

*

## સ્વાનુભૂતિનું સુખ

અનાદિકાળથી સ્વરૂપને ભૂલીને, સમ્યગ્દર્શન વગર સંસારમાં રખડતો જીવ સમસ્ત પરભાવોને ફરી ફરી ભોગવી ચૂકયો છે, સંસારસંબંધી બધાય દુ:ખ–સુખ એ ભોગવી ચૂકયો છે, પોતાના સ્વરૂપનું વાસ્તવિકસુખ એક ક્ષણ માત્ર તેણે ભોગવ્યું નથી...કે જે સુખની પાસે જગતના બધા ઇન્દ્રિયસુખો અત્યંત નીરસ છે. ઇન્દ્રિયસુખોથી આત્મિકસુખની જાત જ જુદી છે,–જેમ ઇન્દ્રિયો અને આત્મા જુદા છે તેમ.–હે જીવ! જ્ઞાનસ્વભાવના અવલંબનથી સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરીને સ્વાનુભૂતિમાં તારા આ સુખને તું ભોગવ.

*

## સુખનું જ્ઞાન ને સુખનું વેદન

કેવળજ્ઞાની ભગવાન પૂર્ણ અતીન્દ્રિય સુખરૂપ થયા છે, ને એવું જ સુખ અનંતકાળ સુધી રહેશે. આગામી કાળના સમય સમયના પરિણામથી જે સુખ થશે તે કેવળજ્ઞાને અત્યારે જાણી લીધું છે, છતાં સમયે સમયે નવા નવા સુખનો ભોગવટો હોય છે. કેમકે ભાવિ પરિણામનું સુખ તો જ્યારે તે પ્રગટે ત્યારે અનુભવાશે. બધાય પરિણામના સુખનું જ્ઞાન યુગપત થઈ ગયું છે, પણ સુખનો ભોગવટો તો એકેક સમયના પરિણામનો ભિન્ન ભિન્ન છે. બધાય કાળના પરિણામનું સુખ એક સાથે વેદાઈ જતું નથી, પણ જ્ઞાનમાં એક સાથે આવી જાય છે.

## મોક્ષમાર્ગમાં વિહર

શુદ્ધ આત્માના આશ્રયે જે નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે, આવો મોક્ષમાર્ગ બતાવીને આચાર્યદેવ ભવ્ય જીવને સંબોધન કરે છે કે હે ભવ્ય ! આવા મોક્ષપંથમાં તારા આત્માને તું સ્થાપ; તેનું જ ધ્યાન અને અનુભવન કર, ને તેમાં જ તું વિહર. આ સિવાય બીજામાં ન વિહર.

## જ્યાં એકતા ત્યાં લીનતા

જેમાં જેને એકત્વબુદ્ધિ હોય તેમાં તે પોતાને સ્થાપે છે; અનાદિથી માંડીને અજ્ઞાનીએ પરભાવમાં એકત્વબુદ્ધિથી, 'આ હું, આ મારાં'–એમ પરભાવમાં ને પર દ્રવ્યમાં જ પોતાને સ્થાપ્યો હતો. હવે કહે છે કે તેનાથી ભેદજ્ઞાનવડે તારા આત્માને પાછો વાળ, ને સ્વદ્રવ્યના આશ્રયે જ મોક્ષમાર્ગ જાણીને તેમાં જ આત્માને સ્થાપ.

## ચૈતન્યનાં વહેણ

હેવ જીવ ! ભૂલ તેં કરી છે, અને તે ભૂલને ભાંગવાનું સામર્થ્ય પણ તારામાં જ ભર્યું છે. અનાદિથી ભૂલ કરી માટે હવે તે ભાંગી ન શકાય–એવું નથી. એક સમયના સમ્યગ્જ્ઞાન વડે અનાદિની ભૂલ તત્ક્ષણ ભાંગી જાય છે.–તારાથી આ થઇ શકે છે તેથી આચાર્ય કહે છે કે હે જીવ ! તારી પ્રજ્ઞાના ગુણવડે જ તારા આત્માને રાગદ્વેષાદિ પરભાવોથી પાછો વાળ ને રત્નત્રયમાં નિશ્ચલપણે જોડ. તારા ચૈતન્યનાં વહેણને વિકારમાં ન વાળ, તારા ચૈતન્યવહેણને તારા સ્વભાવમાં જ વાળ.–આ મોક્ષને સાધવાની કળા છે.

જન્મમરણવડે આખા લોકમાં ભમી ચુકેલા આ જીવને બધુંય સુલભ છે પણ એક યથાર્થજ્ઞાન મહા દુર્લભ છે, તે જ્ઞાનની પ્રાપ્તિ થવાનો સુઅવસર આવ્યો ત્યારે તેની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ માટે જીવે કદી પ્રમાદ કરવો ન જોઇએ, સૌથી દુર્લભ એવી અમૂલ્ય બોધિની પ્રાપ્તિનો આ અવસર આવ્યો છે.

"દુર્લભ હૈ સંસારમેં....
એક યથારથ જ્ઞાન"

# અતીન્દ્રિય આનંદની
# પ્રાપ્તિ માટે સંતોનો ઉપદેશ

**અરે જીવ ! એક વાર તારા આત્માની ખરી કિંમત સમજીને તારામાં અંતર્મુખ થા. તને જગતના પદાર્થો સારા લાગે છે પરંતુ સૌથી સારો તે તારો આત્મા જ છે.-એ જ સારો લગાડ....એને જ સારભૂત સમજ. જે આનંદને તું બહારમાં શોધી રહ્યો છે તે તને તારામાં જ મળશે. મારા શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઇ આ જગતમાં મારે ઉપાદેય નથી-એમ આત્માને જ ઉપાદેય કરીને એક વાર સ્વાનુભૂતિ વડે તેમાં પ્રવેશ કર તો તને પરમ આનંદનો અનુભવ થશે.**

જન્મમરણરહિત આત્મા પોતાને ભૂલીને સંસારમાં જન્મમરણ કરી રહ્યો છે, શુદ્ધ આત્મસ્વભાવ તો જન્મમરણ વગરનો છે. તે નથી તો કર્મો અનુસાર ઉપજતો–મરતો, કે પોતે નથી કર્મોને ઉપજાવતો; તે તો પોતાના નિર્મળ જ્ઞાનાદિભાવોના ઉત્પાદવ્યયરૂપે પરિણમે છે. સંયોગથી ને સંયોગીભાવોથી (એટલે પરથી ને પરભાવથી) તો શુદ્ધ આત્મા ત્રિકાળ જુદો છે, એને કોઈ સંયોગનો હર્ષ નથી, શોક નથી, હસવાપણું નથી કે ખેદખિન્ન થવાપણું નથી; એ તો પરથી પરમ ઉદાસીન છે. ઉદાસીનતામાં વીતરાગતા છે, આનંદ છે, જ્ઞાન છે; પણ ઉદાસીનતામાં રાગ–દ્વેષ નથી, શોક–હર્ષ નથી. રાગના આસનથી ઊંચું (જુદું) ચૈતન્યઆસન છે, તેમાં જે બિરાજમાન થયો તે જ ખરો ઉદાસીન છે. આવો જ આત્માનો સ્વભાવ છે.

અરે જીવ ! એક વાર તારા આવા સ્વભાવનું ખરૂં માપ તો કર. તું ચૈતન્યપિંડ, સર્વજ્ઞતાના સામર્થ્યથી ભરપુર, એવા મહિમાવંત નિજસ્વભાવને ભૂલીને રાગદ્વેષ જેવી તુચ્છવૃત્તિમાં રોકાઈ ગયો. ને દેહાદિના મમત્વને લીધે દેહ ધારણ કરી કરીને ચાર ગતિમાં જન્મમરણ કરી રહ્યો છે. અશરીરી ચૈતન્યને આવા દેહ ધારણ કરવા પડે તે શરમ છે. અરે, રાગ સાથે ય જેને કારણ કાર્યપણું પરમાર્થે નથી, તેને વળી આ જડ દેહ સાથે સંબંધ શા ? પરથી ઉદાસીન થઈને આવા તારા આત્મસ્વરૂપને ધ્યેય બનાવીને અનુભવમાં લે તો સમ્યગ્દર્શન થાય.

જ્યાં અનંત સુખ ભર્યું છે ને દુઃખનું જ્યાં નામ પણ નથી–એવું તારું ચૈતન્ય–તત્ત્વ–તેમાં અંતરમાં જા, અને તેની સાથે મિત્રતા કર. બહારની કોઈ પ્રતિકૂળતા જેને દુઃખ આપી ન શકે–અને જેમાં ઊતરતાં જ અનંત સુખ ઊપજે એવા ચૈતન્યની પ્રીતિ તું કેમ નથી કરતો ? ને બહારના સંયોગનો પ્રેમ કરીને, તેની સાથે મિત્રતા કરી કરીને તારા આત્મતત્ત્વને તું કેમ ભૂલી રહ્યો છે! તેમાં તો અનંત દુઃખ છે. ભાઈ, તારા સ્વરૂપનો વિચાર તો કર ! તારા ચૈતન્યધામની સંપદાનો અપાર મહિમા કેવળી ભગવાને વર્ણવ્યો છે, અરે, એક વાર તું તુલના તો કર કે ક્યાં સુખ છે ને કયાં દુઃખ છે ? મારા સ્વરૂપમાં અનંત સુખ ને બહારના સંયોગમાં કિંચિત સુખ નહિ,–આમ ન્યાયનેત્રને ઊઘાડીને, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને તું વિવેક કર...ને એ બાહ્યવૃત્તિની પ્રવૃત્તિને બાળીને, ચૈતન્ય સુખમાં પ્રવૃત્ત થા. શીઘ્ર તું બાહ્યબુદ્ધિ છોડીને અનંત સુખધામ એવા આત્મામાં તત્પર થા. ભાઈ! હવે તું ગંભીર થા...તું ડહાપણવાળો–વિવેકવાળો થઇને તારા આત્માને સંભાળ. પિતા જેમ પુત્રને શિખ આપે તેમ અહીં સંતો શિખ આપે છે કે હે વત્સ ! ભવચક્રમાં તું ઘણું ઘણું રખડયો. હવે તો તું વિવેકી થા....વિવેકી ને ગંભીર થઈને હવે તારા સ્વકાર્યને સંભાળ. તારું સુખધામ અંતરમાં છે તેમાં તું ઊતર.

સિદ્ધભગવાનનું જેવું નિરૂપાધિ સ્વરૂપ છે એવું તારું સ્વરૂપ તારે ઉપાદેય છે; પરભાવની ઉપાધિ વગરનું તારું સ્વરૂપ તું જાણ. જ્ઞાનાદિ અનંત ગુણો–જેટલા સિદ્ધ પ્રભુમાં છે તેટલા જ તારામાં સદાય પ્રાપ્ત છે. જ્યાં જા ત્યાં તારા બધાય ગુણો તારી સાથે જ છે, ને તે ગુણો નિજ–નિજ પર્યાયરૂપે પરિણમ્યા કરે છે. તારો આત્મા તારા ગુણ–પર્યાયવાળો છે, પણ તારો આત્મા શરીરવાળો નથી, સંયોગવાળો નથી. એટલે તારા ગુણ–પર્યાયોનું કાર્ય બહારમાં નથી, કે બહારથી તે આવતું નથી. તારામાં જ તારું સર્વસ્વ છે. માટે તારામાં જ તું જો. તારા શુદ્ધ–ગુણ પર્યાયવાળો આત્મા જ ઉપાદેય છે. કેવળજ્ઞાન અને સિદ્ધપર્યાય પ્રગટે એવી તાકાત તારામાં જ છે. આવી તાકાતવાળા તારા સ્વદ્રવ્યને પ્રતીતમાં–જ્ઞાનમાં–અનુભવમાં લઈને ઉપાદેય કર, એ તાત્પર્ય છે.

'गुणपर्ययवत् द्रव्यं' એમ સિદ્ધાંતમાં કહ્યું છે, એટલે જ્યાં દરેક દ્રવ્ય પોતે જ પોતાના ગુણપર્યાયવાળું છે ત્યાં તેના ગુણ–પર્યાયમાં બીજો શું કરે ? ચેતન કે જડ બધાય પદાર્થો નિજસ્વભાવથી જ ગુણ–પર્યાયરૂપ છે, તેમાં એવું ક્યાં આવ્યું કે બીજો હોય તો તેના ગુણપર્યાય થાય ? બીજાથી આના ગુણ–પર્યાયમાં કાંઈ થાય એવી જેની માન્યતા છે તેણે ખરેખર દ્રવ્યને 'ગુણપર્યાયવત્' જાણ્યું નથી. દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુને જ જે નથી જાણતો તે કારણ–કાર્યને, ઉપાદાન–નિમિત્તને કે નિશ્ચય–વ્યવહારને પણ સાચા સ્વરૂપે જાણી શકતો નથી.

વસ્તુની મર્યાદા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ઓળખતાં સ્વ-પરની ભિન્નભિન્ન મર્યાદા સમજાય છે. એટલે મારાથી પરમાં કાંઈ થયું કે પરથી મારામાં કાંઈ થયું-એવી પરાશ્રિત-મિથ્યાબુદ્ધિ રહેતી નથી; પોતાના સ્વદ્રવ્યનો આશ્રય થતાં સમ્યક્ત્વાદિરૂપ પરિણમન થાય છે, એટલે કે મોક્ષમાર્ગ થાય છે.

અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિને માટે આ ઉપદેશ છે, કર્મની અને રાગદ્વેષની પરંપરા અનાદિથી ચાલી આવે છે, પણ જો શુદ્ધનય વડે આત્માનું સ્વરૂપ અનુભવવામાં આવે તો તે પરંપરા તુટી જાય છે ને અતીન્દ્રિય આનંદની પરંપરા ચાલુ થાય છે. શુદ્ધ નિશ્ચયથી આત્મામાં રાગદ્વેષ નથી, એ તો નિર્મળ જ્ઞાનદર્શન સ્વભાવ છે. આવા આત્માના સ્વસંવેદનથી જ અતીન્દ્રિય આનંદ થાય છે, માટે તે જ ઉપાદેય છે.

પર્યાયમાં રાગદ્વેષ થાય છે ને કર્મનો સંગ છે-એનું વ્યવહારથી જ્ઞાન કરાવ્યું. પણ તે કાંઈ ઉપાદેય નથી. ઉપાદેય તો બંધન વગરનો સ્વભાવ કે જેના અનુભવથી આનંદ થાય-તે જ છે. નિર્વિકલ્પ વીતરાગ આનંદ સ્વરૂપ આત્મા છે-તેના સ્વસંવેદનના અભાવમાં આત્મા રાગદ્વેષરૂપ પરિણમે છે. અને શુદ્ધસ્વરૂપના વેદનથી તે રાગદ્વેષ ટળીને આનંદ અને વીતરાગભાવ પ્રગટે છે. આવી વીતરાગી અનુભૂતિમાં ધર્મીને આનંદ સાથે તન્મય એવો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.

શુદ્ધઆત્માની અનુભૂતિ તે ધર્મ છે. ને તે કર્મના નાશનું કારણ છે. આવી અનુભૂતિ જેને નથી તે જીવ અજ્ઞાનભાવથી કર્મો બાંધે છે. વીતરાગી અનુભૂતિથી ભિન્ન એવા જે વિષય કષાયોના પરિણામ તે ઉપાદેય નથી; તે વિષય કષાયોથી રહિત એવી જે નિર્વિકલ્પ વીતરાગ શુદ્ધાત્મ-અનુભૂતિ તે જ આરાધવા યોગ્ય છે. વીતરાગ અનુભૂતિમાં પોતાનો આત્મા જ આરાધ્ય છે. ચૈતન્યસ્વરૂપ નિજાત્માથી બહારના જે કોઈ પરદ્રવ્ય છે તેના તરફના ઝુકાવથી રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે, ને તેનાથી ચારગતિમાં ભ્રમણ થાય છે. નિશ્ચયથી આ શુદ્ધ આત્મા તે રાગદ્વેષથી ભિન્ન છે, ઇન્દ્રિયોથી ને બાહ્યપદાર્થોથી ભિન્ન છે, કર્મથી ને ચાર ગતિથી ભિન્ન છે માટે એ સમસ્ત પરભાવો ત્યાગ કરવા યોગ્ય છે. અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ અનુભૂતિમાં શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. જેને આવી અનુભૂતિનો રંગ નથી તે રાગથી રંગાઇ જાય છે.

અરે જીવ! એકવાર આત્મામાં અનુભૂતિનો રંગ ચડાવ. અનુભૂતિનો રંગ જેને ચડે તેને વિષયકષાયોનો રંગ ઊડી જાય; કેમકે શુદ્ધઅનુભૂતિ રાગના રંગ વગરની છે. આવી

અનુભૂતિનો રંગ ચડયા વગર સમ્યગ્દર્શનાદિ ધર્મ થાય નહિ, ને ચારગતિભ્રમણના ઘોર દુઃખોથી આત્માનો છૂટકારો થાય નહિ. અહા, અનુભૂતિ તો પરમ આનંદરૂપ છે, મહાસુખરૂપ છે, એને ભૂલીને જીવ ઘોર દુઃખ ભોગવી રહ્યો છે.

અહા, આત્માની અનુભૂતિ કોઈ અચિંત્ય છે. જે અનુભૂતિનું સ્વરૂપ સાંભળવા માટે સ્વર્ગના દેવો ને ઇન્દ્રો પણ આ મનુષ્યલોકમાં ભગવાનની સભામાં આવે છે, એ અનુભૂતિના મહિમાની શી વાત ! એક ક્ષણની અનુભૂતિ સમસ્ત કર્મોને ભસ્મ કરી નાંખે છે. આવી અનુભૂતિવાળો જીવ જ જગતમાં સુખી છે. અનુભૂતિ વગરના બધાય જીવો દુઃખી–દુઃખી જ છે, પછી ભલે મોટો રાજા હો કે દેવ હો. સુખ તો આત્મામાં છે, તેની અનુભૂતિ જેને છે તે જ સુખી છે. ભાઈ, તું અનાદિથી દુઃખ વેદી રહ્યો છે; એ દુઃખ કાંઈ તારા સ્વભાવમાં ભરેલું નથી, તારા સ્વભાવમાં તો સુખ જ ભરેલું છે–એ સ્વભાવમાં અનુભૂતિવડે પ્રવેશ કર તો તારી ચૈતન્યખાણમાંથી આનંદ અને સુખ જ તને અનુભવમાં આવશે. માટે સ્વાનુભૂતિવડે આવો આત્મસ્વભાવ જ ઉપાદેય છે, એમાં જ શાંતિ છે; બીજે ક્યાંય શાંતિ–સુખ કે આનંદ નથી ને બીજું કાંઇ ઉપાદેય નથી.–આમ હે શિષ્ય ! તું જાણ...ને તારા આત્માને ધ્યાવ...એમ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે સન્તોનો ઉપદેશ છે.

## કોણ વહાલું ?

હે જીવ ! તું વિચાર–કે તને પૈસા વહાલા કે તારું જીવન ? બેમાંથી કોણ તને વહાલું ? અમને તો લાગે છે કે તને પૈસા કરતાં તારું જીવન વહાલું નથી. જો તારું જીવન તને વહાલું હોત તો, પૈસા ખાતર તારા જીવનને તું ગુમાવત નહિ. પૈસા ખાતર તું તારા કિંમતી જીવનને ગુમાવી રહ્યો છે તે ઉપરથી લાગે છે કે તને પૈસા કરતાં તારું જીવન વધુ વહાલું નથી, જીવન કરતાંય પૈસા તને વધુ વહાલા છે.–રે મોહ !

# વિ...વિ...ધ... વ...ચ...ના...મૃ...ત

આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક–૪ઃ વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, વિવિધ શાસ્ત્રોમાંથી તેમજ રાત્રિચર્ચા વગેરે પ્રસંગો ઉપરથી તૈયાર કરવામાં આવે છે.

## ( ૧૧૦ ) મુક્તિને માટે...

શુદ્ધ જ્ઞાનસ્વભાવી આ આત્મા સિદ્ધભગવાન જેવી પ્રભુતાથી ભરેલો છે. પોતાના આત્મામાં સિદ્ધ જેવું પ્રભુત્વ સ્થાપીને તેનો સ્વાનુભવ કર્યા સિવાય મુક્તિને માટે બીજો કોઈ ઉપાય નથી જ નથી. મુક્તિને માટે હે મુમુક્ષુ ! તું આવી સ્વાનુભૂતિનું સેવન કર.

## ( ૧૧૧ ) ભેદજ્ઞાનરૂપી વીજળી

પર્વત ઉપર વીજળી પડવાથી જે ફાટ પડી તે ફરી સંધાય નહિ, તેમ જ્ઞાનાનંદસ્વરૂપના સ્વાનુભવના તીવ્ર અભ્યાસ વડે જ્યાં ભેદજ્ઞાનરૂપ વીજળી પડી ત્યાં આત્મા અને રાગની એકતા વચ્ચે ફાટ પડી, ને મોહ પર્વત ભેદાઈ ગયો, તે હવે ફરી કદી સંધાય નહિ; જ્ઞાનીનું જ્ઞાન રાગમાં તન્મય થાય નહિ. રે જીવ ! આવા ભેદજ્ઞાન વગર બીજું બધું તેં અનંતવાર કર્યું, પણ જન્મ–મરણનાં દુઃખ હજી ન મટયા, માટે હવે એ જ ઉદ્યમ કર જેથી જન્મ–મરણ મટે.

## ( ૧૧૨ ) સ્વાનુભૂતિ

જ્યાં સ્વાનુભૂતિ છે ત્યાં જ ધર્મ છે; જ્યાં સ્વાનુભૂતિ નથી ત્યાં ધર્મ નથી. મોક્ષમાર્ગ સ્વાનુભૂતિમાં સમાય છે. સ્વાનુભૂતિમાં વીતરાગતા છે, સ્વાનુભૂતિમાં આનંદની લહેર છે. સ્વાનુભૂતિ તે સંતોના ઉપદેશનો સાર છે. સ્વાનુભૂતિ એ જ પરમાત્માનો સાક્ષાત્કાર છે. સ્વાનુભૂતિનો અજોડ મહિમા છે. નમસ્કાર હો સ્વાનુભવી સન્તને.

## ( ૧૧૩ ) કોનાં ગાણાં ગવાય છે ?

ભાઈ, શાસ્ત્રોએ જે અગાધ ગાણાં ગાયા છે તે કોનાં ?–તારા પોતાના; શાસ્ત્રોમાં સન્તોએ આત્મસ્વભાવનો જે અચિંત્ય મહિમા ખૂબ ખૂબ વર્ણવ્યો છે તે બધો તારો જ મહિમા છે. માટે તારું મહિમાવંત સ્વરૂપ શું છે તે લક્ષમાં લે, તો જ તને સંતોનું હૃદય ને શાસ્ત્રોનું હાર્દ સમજાય. તારું આરાધ્ય તો તારામાં જ છે.

## ( ૧૧૪ ) જ્યાં લગી આત્મા....

આ જ્ઞાનસ્વરૂપ આત્મા દેહાદિથી ને રાગાદિથી જુદો છે. એવું વાસ્તવિકપણું જ્યાંસુધી આત્મા ન જાણે ત્યાંસુધી મોહ મટે નહિ. જ્યારે યથાર્થસ્વરૂપે આત્મા જાણવામાં આવે ત્યારે જ પરનું માહાત્મ્ય ટળે ને પોતાનું માહાત્મ્ય આવે. અને આવું માહાત્મ્ય આવે ત્યારે જ આત્માની ખરી સાધના થાય.

# વૈરાગ્ય સમાચાર

( ૧ ) સુરેન્દ્રનગરના શેઠશ્રી જગજીવન ચતુરદાસના ધર્મપત્ની શ્રી મોતીબેન કારતક વદ પાંચમના રોજ સુરેન્દ્રનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને સત્સમાગમનો લાભ લેતા હતા, અને તત્ત્વની જિજ્ઞાસા તેમને સારી હતી. માંદગી દરમિયાન પણ રેકોડિંગ મશીન દ્વારા તેઓ ગુરુદેવના પ્રવચનો સાંભળતા; તેમજ અંતિમ દિવસોમાં સોનગઢથી તેમની બંને પુત્રીઓ આવેલ તેમની પાસેથી ધાર્મિકશ્રવણ તથા દેવ-ગુરુ-ધર્મનો મહિમા સાંભળતાં તેમને ઘણો ઉત્સાહ આવતો હતો. આ રીતે ઠેઠ સુધી ધાર્મિકઉત્સાહના સારા પરિણામસહિત તેમને દેહ છોડયો. ધાર્મિકઉત્સાહમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

( ૨ ) સુરેન્દ્રનગરના ભાઈશ્રી મગનલાલ તલકશી શાહના ધર્મપત્ની શ્રી શકરીબેન માગશર સુદ ૧૨ના રોજ ૬૬ વર્ષની વયે સુરેન્દ્રનગરમાં સ્વર્ગવાસ પામ્યા છે; તેમને તત્ત્વનો પ્રેમ હતો અને માંદગી દરમિયાન પણ રેકોર્ડિંગ મશીનદ્વારા ગુરુદેવના પ્રવચનો સાંભળતા હતા, એ સાંભળતાં પોતાનો ધાર્મિક ઉત્સાહ પણ અવારનવાર વ્યક્ત કરતાં હતા. તેઓ પોતાની આત્મિક જિજ્ઞાસામાં આગળ વધીને જિનધર્મની છાયામાં આત્મહિત સાધે-એ જ ભાવના.

( ૩ ) ગત માસમાં રાજકોટ મુકામે મુમુક્ષુમંડળના ત્રણ સભ્યો સ્વર્ગવાસ પામ્યા. તા. ૧૫-૧૨-૬૪ ના રોજ શ્રી અમીચંદ ન્યાલચંદ દફતરી, તા. ૧૬-૧૨-૬૪ ના રોજ શ્રી કસુંબાબેન ગુલાબચંદ મોદી, તથા તા. ૧૮-૧૨-૬૪ ના રોજ શ્રી શિવલાલ દેવચંદ દોશી ( વકીલ ) સ્વર્ગવાસ પામ્યા છે. આ ક્ષણભંગુર અશરણ સંસારમાં એકમાત્ર શરણ એવા દેવ-ગુરુ-ધર્મના સેવનથી તેઓ આત્મહિત પામે-એમ ઇચ્છીએ.

## સૂચના

'આત્મધર્મ' માસિકનું સમગ્ર મેટર તા. ૨૦મીએ પ્રેસમાં અપાઈ જાય છે; એટલે 'આત્મધર્મ માટેના યોગ્ય સમાચાર વગેરે તા. ૨૦મી સુધીમાં મળી જવાં જરૂરી છે. ત્યારપછી આવેલ સમાચારો માટે બીજા માસમાં વ્યવસ્થા થશે.

## જીવનનાં મૂલ્ય

અનેક વર્ષોના ઘણા પરિશ્રમપૂર્વક મેળવેલી લાખો–કરોડોની સંપદા પણ, જ્યારે જીવન–મરણનો પ્રસંગ આવે ત્યારે ક્ષણમાત્રમાં જીવ તે બધી સંપદા છોડે છે. લાખો–કરોડોની એ બધી સંપદા આપીને પણ તે પોતાનું જીવન બચાવવા માંગે છે, ક્ષણના જીવન ખાતર વર્ષોથી ભેગી કરેલી બધી સંપદા ક્ષણભરમાં ન્યોછાવર કરી દે છે. આ ઉપરથી ફલિત થાય છે કે લાખો કરોડોની સંપદા કરતાંય જીવનની એક ક્ષણ વધુ કિંમતી છે. લાખો કરોડોની સંપદા આપતાંય જીવનની એક ક્ષણ મળી શકતી નથી. તેથી જીવનની એકેક ક્ષણને જે નકામી ગુમાવે છે તે લાખો–કરોડોની સંપદા કરતાંય વધુ કિંમતી વસ્તુને વેડફી રહ્યો છે....જીવનનાં ખરા મૂલ્યાંકન તો ધર્મસાધના વડે જ થઇ શકે છે. એવી ધર્મસાધના વગર આ મોંઘેરા જીવનને જે નિષ્ફળ વેડફી રહ્યો છે...તેની મૂર્ખતાની શી વાત!

## समयसार कलश–टीका

જેની રાહ જોવાતી હતી તે પુસ્તક 'समयसार कलश–टीका' આધુનિક હિન્દીભાષામાં પ્રગટ થઇ ગયું છે. ગ્રંથાધિરાજ સમયસારની જે સર્વોત્તમ ટીકા દ્વારા અમૃતચંદ્રસૂરિએ રહસ્યો ખોલ્યાં છે તે ટીકામાં અધ્યાત્મરસઝરતા કાવ્યરૂપ ૨૭૮ શ્લોક છે, તેને 'कलश' કહેવાય છે. સમયસારના આ ૨૭૮ કલશના અર્થો ખાસ અધ્યાત્મશૈલીથી પં. શ્રી રાજમલ્લજીએ પ્રાચીન ઢૂંઢારી–હિન્દી ભાષામાં લગભગ ૪૦૦ વર્ષ પહેલાં લખ્યા છે. તે મૂળ ભાષામાં લગભગ ૩૪ વર્ષ પહેલાં (વીર સં. ૨૪૫૭ માં) પ્રગટ થયેલ. ત્યારબાદ આ તેનું આધુનિક હિન્દી સંસ્કરણ પ્રગટ થયું છે. તેની કિંમત ૨–૦૦ (બે રૂપીઆ) છે. હાલ પૂ. ગુરુદેવના પ્રવચનમાં સવારે પરમાત્મપ્રકાશ વંચાય છે ને બપોરે સમયસારનો અંતિમ ભાગ (૪૭ શક્તિઓ વગેરે) વંચાય છે; સમયસાર લગભગ આ માસમાં (૧૪મી વખત) પૂરું થશે, ને ત્યારપછી 'સમયસાર–કલશ–ટીકા' વંચાશે. પં. શ્રી બનારસીદાસજી વગેરેએ પણ આ કલશટીકા વાંચેલી ને તેની અધ્યાત્મશૈલીથી તેમને પ્રમોદ આવેલો; એના આધારે તેમણે 'સમયસારનાટક' લખેલ છે. પં. શ્રી રાજમલ્લજી પાંડેએ આ કલશટીકા ઉપરાંત બીજા પણ ગ્રંથો લખેલા છે. જેમાં 'લાટીસંહિતા' માં મુખ્યપણે શ્રાવકના ધર્મોનું વર્ણન છે, તથા 'પંચાધ્યાયી' માં દ્રવ્ય–ગુણ–પર્યાય, સમ્યક્ત્વાદિનું વર્ણન છે, અધ્યાત્મકમલમાર્તંડ એ ભાવનાગ્રંથ છે; આ ગ્રંથો તથા બીજા કેટલાક ગ્રંથો તેમના રચેલા મનાય છે. બનારસીદાસજીએ આ કલશ ટીકાને 'બાલબોધ' ટીકા કહી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટિંગ પ્રેસ–ભાવનગર